# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતા નગર ખાતે 284 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

2) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસના ગુજરાત  પ્રવાસે, સાળંગપુર મંદિર ખાતે યાત્રી ભવન અને પિરાણા ખાતે કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરતાં પ્લાન્ટનું લોકાર્પણ કરશે

3) **રાજ્યમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી 11 નવેમ્બર સુધી લંબાવાઈ.**

4) વાવ વિધાનસભા બેઠક માટે 13 નવેમ્બરે યોજાનારી પેટા ચૂંટણી માટે 10 ઉમેદવારો વચ્ચે થશે જંગ

5) અને રાજ્યમાં આગામી સાત દિવસમાં ગરમીમાં બેથી ત્રણ ડિગ્રી વધારો થવાની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM IN EKTA NAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતા નગર ખાતે ૨૮૪ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે નવા આકર્ષણ કેન્દ્રોની સાથે પ્રવાસનના વિકાસને પ્રોત્સાહન આપતા વિવિધ પ્રકલ્પોની અનાવરણ કર્યું, જે સ્ટેચ્યૂ ઑફ યુનિટીને વૈશ્વિક ઓળખ અપાવશે. સાથે જ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

પ્રધાનમંત્રીએ જે વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું તેમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રકલ્પો સામેલ છે. આ ઉપરાંત 22 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ, જેમાં ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU ઓન વ્હીલ્સ સેવાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત એકતા નગર ખાતે 10 સ્માર્ટ બસ સ્ટોપ અને 10 પિક-અપ સ્ટેન્ડ સહિતની સેવાઓના પ્રથમ તબક્કા ઉપરાંત, ૨૩ કરોડ ૨૬ લાખ રૂપિયાના ખર્ચે ૪ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભ પટેલની 150મી જન્મ જંયતિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરશે. અહીં તેઓ ઉપસ્થિતોને એકતા દિવસની પ્રતિજ્ઞા અપાવશે, અને એકતા દિવસ પરેડના સાક્ષી બનશે. આ પરેડમાં 9 રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશની પોલીસ, 4 કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, NCC અને માર્ચિંગ બેન્ડની 16 ટુકડીઓ ભાગ લેશે.

---

- માહિતી ખાતુ - સુનિતા

-(NAVIN)

# AMIT SHAH IN GUJARAT

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે છે. આવતીકાલે તેઓ બોટાદના સાળંગપુરના પ્રસિધ્ધ કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે સવારે 9-30 કલાકે શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદઘાટન કરશે. 200 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા આ ભવનમાં અત્યાધુનિક સુવિધા ધરાવતા 1100 રૂમ બનાવવામાં આવ્યા છે.

શુક્રવારે શ્રી શાહ પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઇટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે. 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ આ પ્લાન્ટ દૈનિક 1 હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી 15 મેગા વૉટ ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. આ પ્લાન્ટથી પિરાણા ખાતે થતું પ્રદૂષણ ઓછું થશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર પ્રતિભા જૈન સહિતના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------

- પીટીસી બોટાદ- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# Unity Day

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આજે રાજભવનમાં સૌને શપથ લેવડાવ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીને રાષ્ટ્રીય એકતા, અખંડતા અને દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા પોતાનું યોગદાન આપવાના સૌને હાકલ કરી હતી.

રાજભવનના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને સુરક્ષા કર્મીઓએ શ્રી પટેલની દૂરદર્શિતા અને કાર્યો પ્રત્યેની નિષ્ઠા અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

---------------------------------------------------------------------

- માહિતી, હિના મોદી - -(NAVIN)

## SUPPORT PRICE

**રાજ્યમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી 11 નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોને થોડો વધુ સમય મળ્યો છે.**

**જે અંતર્ગત સરકાર ખેડૂતો પાસેથી ૮ હજાર કરોડ રૂપિયાથી વધુ મુલ્યની આશરે ૧૨ લાખ ૭૮ હજાર મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરાશે.**

રાજ્યના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આ રીતનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃધ્ધિ પોર્ટલ ૦૩ ઓક્ટોબર ૨૦૨૪ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી લંબાવવામાં આવી છે.

-----------------------------------------------------------------

- પીટીસી – હિના મોદી -(NAVIN)

# VAV ELECTION

વાવ વિધાનસભા બેઠક માટે 13 નવેમ્બર 2024ના રોજ મતદાન યોજાશે. જેના માટે કુલ 10 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાવાની છે.

આ બેઠક માટે 18 ઓકટોબરથી 25 ઓક્ટોબર વચ્ચે કુલ 21 ઉમેદવારી પત્રો ભરાયા હતા જેની 28 ઓકટોબરે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. 30 ઓક્ટોબર સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ હવે 10 ઉમેદવારો વાવ વિધાનસભા બેઠક માટે જનમત મેળવશે.

મતદાર વિભાગ માટે ભરાયેલી 21 ઉમેદવારો પૈકી રાષ્ટ્રીય સ્તરના રાજકીય પક્ષના બે ઉમેદવારો, નોંધાયેલ રાજકીય પક્ષના એક ઉમેદવાર ઉપરાંત 7 અપક્ષ ઉમેદવારો મળી કુલ 10 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે.

મતદાનને જોતા રાજ્ય સરકારે તમામ ખાનગી અને સરકારી કર્મચારીઓને રજા આપવાની સૂચના આપી છે.

---------------------------------------------------------------------

- યાદી, હિના મોદી -(NAVIN)

# GAUMATA POSHAN YOJANA

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત વધુ 16 ગૌશાળા અને પાંજરાપોળના 26 હજારથી વધુ પશુઓ માટે 7 કરોડ 13 લાખ રૂપિયાની સહાયની ચુકવણી કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બીજી બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ 2024-25ના પ્રથમ તબક્કા એટલે કે એપ્રિલ 2024થી જૂન 2024 માટે રાજ્યની વધુ 16 ગૌશાળા તેમજ પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત 2024 -25ના પ્રથમ તબક્કામાં અત્યાર સુધીમાં કુલ 1491 ગૌશાળા - પાંજરાપોળના 4 લાખ 40 હજારથી વધુ **પશુઓના નિભાવ માટે 120 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.**

--------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# TRAFFIC AWARENESS PROGRAMME

દિવાળીના તહેવારોને જોતા રાજ્યભરમાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા ટ્રાફિક પોલીસે નવતર અભિગમ અપનાવ્યો છે. તારીખ 30 ઑક્ટોબરથી 6 નવેમ્બર દરમિયાન ટ્રાફિકના નિમયોનો ભંગ કરનારાઓને ટ્રાફિક પોલીસ જવાનો ફૂલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ દ્વારા સમજ આપી રહ્યા છે. આ દિવસો દરમિયાન ટ્રાફિક પોલીસ હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડ, રોંગ સાઇડ ડ્રાઇવિંગ, તેમજ લેન ભંગ સહિતના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવાને બદલે નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે નાગરિકોને સમજાવશે.

---

- માહિતી ખાતુ 0 સુનિતા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# AHMEDABAD METRO TIMING

દિવાળીના તહેવારને જોતા અમદાવાદ મેટ્રોના સમયમાં એક દિવસ માટે ફેરફાર કરાયો છે. આવતીકાલે અમદાવાદ મેટ્રો સવારે 6.20થી સાંજે 7 વાગ્યા સુધી કાર્યરત રહેશે. આવતીકાલે શહેરના દરેક ટર્મિનલ એટલે કે મોટેરા સ્ટેડિયમ, APMC, વસ્ત્રાલ ગામ તેમજ થલતેજથી બંને કોરિડોરમાં છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય સાંજે 7 વાગ્યાનો રહેશે. સામાન્ય દિવસોમાં આ સમય સવારે 6.20થી રાત્રે 10 વાગ્યાનો છે. આપને જણાવી દઈએ કે ગાંધીનગર મેટ્રો ટ્રેનની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

-----------------------------------------------------------------------

- અખબારી યાદી - સુનિતા

-(NAVIN)

# GUJ WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં તાપમાન સૂકું તેમજ સામાન્ય કરતાં વધુ ગરમ રહેવાની આગાહી કરી છે. આ સાથે જ મહત્તમ તાપમાન 37 ડિગ્રીને પાર પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના અનુસાર અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતા 2.3 ડિગ્રી સેલ્સિયસ વધીને 37.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્યથી 3.9 ડિગ્રી સેલ્સિયસથી વધીને 23 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ડીસામાં મહત્તમ 39.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------

- પીટીસી અમદાવાદ – સુનિતા -(NAVIN)

# RAJKOT CO-OPERATIVE BANK

કમોસમી વરસાદથી થયેલા નુકસાન અંગે રાજકોટ સહકારી બેંકે ખેડૂતો માટે લોનની જાહેરાત કરી છે. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ૧ વર્ષ માટે લોન આપવામાં આવશે. હેક્ટર દીઠ ૧૦ હજાર રૂપિયા અને વધુમાં વધુ ૫ હેક્ટર સુધી લોન મેળવી શકાશે. એક ખેડૂત વધારેમાં વધારે ૫૦ હજાર રૂપિયાની લોન લઇ શકે છે. ખેડૂતોએ ૧ વર્ષમાં લોન પરત કરવાની રહેશે, આ સામે તેમણે કોઈપણ પ્રકારની જામીન આપવાની રહેશે નહિ. ખેડૂતોને ઝીરો ટકા લોન આપવાને કારણે બેંકને ૧૦૦ કરોડ રૂપિયાનો બોજો પડશે.

આ અંગે વધુ વિગતો આપતા બેંકના ચેરમેન જયેશ રાદડીયાએ આ મુજબ જણાવ્યું

## બાઈટ - જયેશ રાદડીયા

---------------------------------------------------------------------

- NDMS - કરણ -(NAVIN)

# MAHISAGAR COLLECTOR

મહિસાગર જિલ્લાના કલેક્ટર નેહા કુમારીએ આજે પત્રકાર પરિષદ યોજી હતી જેમાં વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે ઉમેર્યું કે જિજ્ઞેશ મેવાણી જે ફરિયાદીને આગળ ધરીને વાત કરી રહ્યા છે તેમની સામે અનેક ગુના નોંધાયેલા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ અરજદાર અનેકવાર વિવિધ કચેરીઓની ફરિયાદો લઈને આવતા હોય છે, જે સાંભળવામાં આવે છે. 23 તારીખે યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં વિજય પરમાર પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ દાખલ કરવા માટે દબાણ કરતા હતા. કલેક્ટરે જણાવ્યું કે તેમણે આ બાબતે શાંતિપૂર્વક ફરિયાદીને સમજાવ્યા આમ છતાં તેમણે ઉદ્ધતાઈ પૂર્વક વર્તન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ગઈકાલે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી અને તેમાં તેમણે મહિસાગરના લુણાવાડા ખાતે આયોજીત તાલુકા સ્વાગત કાર્યક્રમમાં એક યુવાન સાથે ગેરવર્ણતૂંક કરાઈ હોવાનો આરોપ મૂક્યો હતો.

---------------------------------------------------------------------

- પીટીસી મહિસાગર – સુનિતા

-(NAVIN)

# FATAFAT NEWS

હવે રાજ્યના અન્ય કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં વીસનગરમાં સર્વ રોગ નિદાન કેમ્પ તેમજ બ્લડ ડોનેશન કેમ્પ તેમજ વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજાયા હતા.
- રાષ્ટ્રીય એકતા દિવસ પ્રસંગે વડોદરા પ્રાદેશિક માહિતી કચેરીના કર્મચારીઓએ એકતા અને અખંડિતતાના શપથ ગ્રહણ કર્યા હતા.
- ડાંગ જિલ્લા વહીવટીતંત્રના જિલ્લા તેમજ ગ્રામ્ય સ્તરના કર્મયોગીઓએ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કર્યા હતા.
- તાપીના વ્યારામાં લુંટારુઓએ કરેલી 44 લાખ રૂપિયાથી વધુની ચોરીના કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.
- પંચમહાલના દાહોદમાં જિલ્લા કલેક્ટરના વડપણમાં નવા નિયુક્ત કરાયેલા VCEની બેઠક મળી હતી, જેમાં રાશન કાર્ડ માટે ઇ-કેવાયસીની પ્રક્રિયા સરળ બનાવવા માટેના સૂચનો અને માહિતી આપવામાં આવી.
- ગજુરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરાયેલી પ્રાકૃતિક ખેતી પદયાત્રા વલસાડ પહોંચી હતી, વિદ્યાર્થીઓએ અહીં ચણવઈ ગામે સ્થાનિક લોકો સાથે પ્રાકૃતિક કૃષિ સંવાદ પણ યોજ્યો હતો.
- સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ પાટણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્વચ્છાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.